# આસપાસ ચોપાસ

# ઘેજ



ભરડા જીવુ તળાવ

## ઘેજ ગામ વિકાસના પંથે: રસ્તા અને પીવાના પાણીની સવલત







ઘેજ ગામમાં રસ્તા, લાઈટ, પીવાના પાણી સહિત અન્ય માળખાકીય સુવિધાઓના નામે છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિકાસના કરોડો રૂપિયાનાં કામો થયાં છે. ગામના પૂર્વ સરપંચ પદ્માબેન ઉપરોક્ત વિનોદભાઈ, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન ધર્મેશભાઈ, વર્તમાન સરપંચ રાકેશભાઈ, ગામના અગ્રણી ડી.બી.પટેલ સહિતના આગેવાનોના પ્રયત્નો વચ્ચે અનેક વિકાસનાં કામો સાથે ગામની સુવિધાઓમાં વધારો થયો છે. શેરી, મહોલ્લાના રસ્તા ઉપરાંત ખેતીવાડીના માર્ગો પર બોક્સકલ્વર્ટ કે પછી કોઝ વેના બાંધકામ દ્વારા ખેડૂતોની સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે. ગામમાં મોટા ભાગના રસ્તા પાકા છે અને હાલ ઘેજ વાંઝરી પળિયાથી પટેલ ફળિયા, પહાડ ફળિયાથીથી ભવાની ફળિયાને જોડતો, ભરડા ફળિયા, બખાર ફળિયા સહિતના આંતરિક માર્ગો અને ગામમાંથી પસાર થતા ચીખલી-અટગામ બે જિલ્લાને જોડતા મુખ્ય જિલ્લા માર્ગથી વિસ્તૃતિકરણ માટે ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી રહી છે. તાલુકા પંચાયત સભ્ય દીપ્તિબેન અંકુરભાઈ પટેલ અને જિલ્લા પંચાયતની ઘેજ બેઠકના સભ્ય અને જિલ્લા પંચાયતનાં કારોબારી ચેરમેન ડો.અમીતાબેન પટેલ પણ ગામમાં વિકાસનાં કામો માટે સતત પ્રયત્નશીલ છે. ગામના સરપંચ રાકેશભાઈ અને તેમની ટીમ સાથ આપી રહી છે. ટીમ પણ દરેક રીતે સહયોગ આપ્યા કરે છે. જેના પગલે ગામમાં સુવિધામાં વધારે થવા સાથે આર્થિક લાભ મળી રહ્યો છે. ગામમાં વિકાસના કામ માટે કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલનો પણ એટલો જ સહયોગ મળી રહ્યો છે. ઘેજ ગામમાં પીવાના પાણીની સમસ્યાની વાત કરીએ તો ગામના વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠાની નાની-મોટી ત્રીસેક જેટલી યોજનાઓ કાર્યરત છે. ખાસ કરીને ગામના ગામતળ વિસ્તારમાં ફેબ્રુઆરી માસ બાદ પાણીની સમસ્યા સર્જાતી હતી તે માટે તત્કાલીન સરપંચ વિનોદભાઈ, ગામના અગ્રણી ધર્મેશભાઈ સહિતની રજૂઆતને પગલે પાણી પુરવઠા વિભાગના તત્કાલીન નાયબ કાર્યપાલક ઈજનેર ડી.બી.પટેલ દ્વારા દોઢેક કિ.મી. દૂર ખરેરા નદીમાં કૂવાનું નિર્માણ કરાવી પાઈપલાઈન દ્વારા ગામતળની ઓવરહેડ ટાંકીમાં પાણી પહોંચાડવાની યોજના મંજૂર કરાવવામાં આવતાં અનેક શ્રમજીવી પરિવારોને મોટી રાહત થઈ હતી. આવી સ્થિતિ ભગત ફળિયામાં પણ થતાં ભરડાના જીવુ તળાવની પાળે બોરવેલ કરી 1200 મીટર દૂર ભગત ફળિયાની ઓવરહેડ ટાંકીમાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. વધુમાં હાલ દમણગંગા યોજનાની બલ્ક પાઈપલાઈન વાળી જૂથ યોજનાના સમ્પો અને પાઈપલાઈન મોટા ભાગના વિસ્તારોમાં નાંખી દેવામાં આવી હોવાથી તેનો લાભ પણ આગળના સમયમાં લોકોને મળશે. ઘેજ ગામના ભરડા ભગત ફળિયામાં ખાસ કરીને ઉનાળામાં બોરકૂવામાં પાણીના સ્તર જળવાઈ રહે અને પીવાના પાણીની લોકોને, પશુધનને મુશ્કેલી ન ઊભી થાય એ માટે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અને કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના સહયોગથી આ વિસ્તારમાં કુદરતી કાંસનું, કેનાલનું અને લિફ્ટ ઈરિગેશન યોજનાનું પાણી એકત્ર થતું હતું તથા પડતર જગ્યાએ સફાઈ કરી જળસંચયની કામગીરી ગત જૂન માસમાં કરવામાં આવી હતી. આ જળસંચયની કામગીરી કરાવવામાં ભગત ફળિયા સહિતના સ્થાનિકો ઉપરાંત જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન ડો.અમીતાબેન, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો.અશ્વિનભાઈ પટેલ અને ગામની સહકારી મંડળીના વાઈસ ચેરમેન ઉત્તમભાઈ છગનભાઈ પટેલ (ભીમભાઈ), પૂર્વ કારોબારી ચેરમેન ધર્મેશભાઈ, સરપંચ રાકેશભાઈ સહિતના આગેવાનોનો સિંહફાળો રહ્યો હતો. જળ સંચયની કામગીરીથી સ્થાનિકોમાં પણ રાહત સાથે આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ગામમાં શિક્ષણનું સ્તર સારું હોવા સાથે ગામમાં પ્રાથમિક, માધ્યમિક શિક્ષકો ઉપરાંત એન્જિનિયરો, આરોગ્ય, ડીજીવીસીએલના કર્મચારીઓની સંખ્યા પણ વિશેષ છે.



## ઘેજ ગામમાં આરોગ્યની ઉત્તમ સુવિધા

ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધમધમી રહ્યું છે અને ગામમાં બે સબ સેન્ટર પણ છે. જે પૈકી એક ગોડાઉન ફળિયામાં કાર્યરત છે અને બીજા માટે વાંઝરી ફળિયાના સાંઢપાડા બાપજીના મંદિર વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા બાંધકામ માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. જોકે, ગામના પીએચસીમાં લાંબા સમયથી પૂર્ણ સમયના મેડિકલ ઓફિસરની નિમણૂક ન થતાં ગામના આગેવાનો દ્વારા અવારનવાર કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન ડો.અમિતાબેન પટેલ સહિતના ચુંટાયેલા પ્રતિનિધિઓને રજૂઆત કરવામાં આવી રહી છે. ઉપરાંત ગામમાં ખાનગી ક્લિનિકો પણ હોય લોકોને પ્રાથમિક સારવાર ઘરઆંગણે મળી રહી છે.





પૂર્વ સરપંચ વિનોદભાઈ

## પૂર્વ સરપંચ વેસ્તાભાઈ પટેલનું ગામના વિકાસમાં મહત્ત્વનું યોગદાન



ઘેજ ગામના વિકાસમાં નામના મોભી એવા પૂર્વ સરપંચ વેસ્તાભાઈ પટેલનું પણ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. વર્ષો પૂર્વે ગામના બે ટર્મ સરપંચ પદે રહેલા વાંઝરી ફળિયાના વેસ્તાભાઈ જીવણભાઈ પટેલ ગામમાં ભાજપનો પાયો નાંખનારા પૈકીના એક કાર્યકર છે. ગામ ઉપરાંત કોળી સમાજમાં પણ નામના મેળવનાર વેસ્તાભાઈએ અગ્રણી ખેડૂત સાથે સૂરણ-કંદના વેપારમાં પણ એક સમયે ડંકો વગાડ્યો હતો. તેમણે એક સારા વેપારી તરીકે પણ આગવી ઓળખ ઊભી કરી હતી. વેસ્તાભાઈએ ગામની સેવા સહકારી મંડળીમાં અંદાજે ૨૫ વર્ષ સુધી ચેરમેન પદે રહી ખેડૂતોને ખાતર, ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં સતત કાર્યશીલ રહી સંસ્થાનું સુકાન સફળતાપૂર્વક પ્રામાણિકતાથી નિભાવ્યું હતું. હાલ તેમના પુત્ર હરેશભાઈ અને પૌત્ર જીમીભાઈ પણ જાહેર જીવનમાં, સામાજિક કાર્યોમાં, સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિયપણે યોગદાન આપી રહ્યા છે.

## હાર્દિક જન પરિવર્તન ટ્રસ્ટની સેવાયાત્રા

ઘેજ ગામના વાળંદ ફળિયાના હાર્દિકભાઈ જમનાદાસ સોલંકી દ્વારા હાર્દિક જન પરિવર્તન ટ્રસ્ટના માધ્યમથી અવિરતપણે સેવાયાત્રા ચલાવવામાં આવી રહી છે. સરકારની વિવિધ યોજનાઓ અને દાતાઓના સહયોગથી ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, હિમાચલપ્રદેશ સહિતનાં રાજ્યોમાં પણ મહિલા સશક્તિકરણ, સ્વરોજગાર તાલીમ, જરૂરિયાતમંદ પરિવારને સહાય, કન્યાદાન સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે હજારોની સંખ્યામાં બહેનોને સ્વનિર્ભર બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. મહિલાઓને સિલાઈ, બ્યુટીપાર્લર, પાપડ, બેગ જેવા ગૃહ ઉદ્યોગોની તાલીમ, પ્રમાણપત્ર સાથે જરૂરી સાધનો પૂરાં પાડી સ્વનિર્ભર કરવાનો સેવાયજ્ઞ કરવામાં આવી આવી રહ્યો છે. આ ઉપરાંત હાર્દિક જન પરિવર્તન ટ્રસ્ટના હાર્દિકભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા વિવિધ જિલ્લાઓમાં લગ્નપ્રસંગે દીકરીઓને કન્યાદાનની ચીજવસ્તુઓ આપવા સાથે ગત વર્ષે પ્રથમ વખત આ સંસ્થા દ્વારા સમૂહલગ્નનું આયોજન કરાતાં ૬૧ જેટલા નવયુગલે તેનો લાભ લીધો હતો અને આ તમામની કન્યાદાનની કિટ પણ આપવામાં આવી હતી. નવસારી, તાપી, દાહોદ, ડાંગ સહિતના જિલ્લાઓમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

## શેરડી, સુરણ, કંદ, હળદર ગામની મુખ્ય ખેતી







ગામના મહત્તમ લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે. ગામ ખરેરા નદીના તટે વસેલું છે અને ગામમાં ખરેરા નદીના કોતરો ઉપરાંત વાડખાડી, પુહ્રઈ ખાડી, ચીડી ખાડી સહિતની સ્થાનિક ખાડીઓ, કોતરો પણ વહે છે. ઉપરાંત ગામમાંથી ઉકાઈ-કાકરાપાર યોજનાની મુખ્ય કેનાલ પણ પસાર થાય છે અને સબ માઈનોર કેનાલોનું માળખું પણ ઉપલબ્ધ છે. બીજી તરફ ગામમાંથી પસાર થતી નદી, કોતરોમાં અનેક નાના-મોટા ચેકડેમો, કૂવાઓ પણ છે. વધુમાં ગામમાં ગાંગડિયુ, કોઠી, જીવુ, ડાભળિયુ, ડાભળિયુ, દમણુ અને ઢેલ તળાવ સહિત 6 જેટલાં તળાવ પણ છે. જેના પગલે ગામમાં એકંદો સિંચાઈની સારી વ્યવસ્થા છે અને ગામમાં શામળ ફળિયા, ભરડા, બખાર ફળિયા, ઝાડી ફળિયા, ગામતળ વિસ્તારમાં 1200 મીટરની આસપાસની લંબાઈવાળી જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગની નાની લિફ્ટ ઈરિગેશનની યોજના કાર્યરત છે. ઉપરાંત ભરડા ફળિયામાં નર્મદા જળસંપત્તિ વિકાસ નિગમની 92 લાખ રૂપિયાની સાડા ચાર કિમી લાંબી પાઈપલાઈન, કૂવો, ઈલેક્ટ્રિક અને ડીઝલ પંપ સાથે ખરેરા નદી આધારિત લિફ્ટ ઈરિગેશનની વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ યોજના ગામના પૂર્વ સરપંચ અને પૂર્વ કારોબારી ચેરમેન ધર્મેશભાઈ તથા પૂર્વ સરપંચ વિનોદભાઈ, અગ્રણી ડી.બી.પટેલ, ઉત્તમભાઈ સહિત નાગરિકોને આભારી છે. આ યોજનાનું સફળ સંચાલન ભગત ફળિયાના ઉત્તમભાઈ પટેલ હાલ કરી રહ્યા છે. આમ ગામમાં સિંચાઈની અનેકવિધ યોજના, વ્યવસ્થા ઉપરાંત ખાનગી બોરકૂવા સાથે પિયતની પૂરતી વ્યવસ્થાને પગલે ગામના લોકો શેરડી, સુરણ, કંદ, હળદર ઉપરાંત શાકભાજીની ખેતી કરી રહ્યા છે. ગામમાં મોટા પ્રમાણમાં આંબાવાડીઓ પણ હોવાથી સિઝનમાં કેરીનું ઉત્પાદન પણ મોટી માત્રામાં થતું હોય છે. આ સાથે ચીકુવાડીઓ પણ છે. જોકે, ગામના પશ્ચિમ વિસ્તારમાંથી વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે પસાર થતાં ખેડૂતોના સંખ્યાબંધ ફળાઉ ઝાડોનું નિકંદન થયું હતું. આમ, ખેતીવાડીના માધ્યમથી લોકો ઘરઆંગણે આવક મેળવી રહ્યા છે. ગામના બીડ અને ગામતળના પાટીદાર ખેડૂતો મોટાપાયે શેરડીનું ઉત્પાદન કરી રહ્યા છે. બીડના પાટીદાર ખેડૂત અગ્રણી ચેતનભાઈ પટેલ શેરડી, સુરણ જેવા પાકો ઓર્ગેનિક પદ્ધતિથી કરી સારું ઉત્પાદન મેળવવામાં સફળ રહ્યા છે. પાટીદાર અગ્રણી ચેતનભાઈ પટેલ ભૂતકાળમાં ગણદેવી સુગરમાં પણ ડિરેક્ટર પદેથી ખેડૂતોનું પ્રતિનિધિત્વ સફળ રીતે કરી ચૂક્યા છે.

## ઘેજ ગામમાં આવેલાં ધાર્મિક સ્થળો





ગામના દરેક વિસ્તારમાં દેવી-દેવતાઓનાં નાનાં-મોટાં અનેક મંદિરો આવેલાં છે. ખરેરા નદીના તટે સ્વયંભૂ પંચમુખી હનુમાનદાદા બિરાજમાન છે. થોડા સમય પૂર્વે આ પૌરાણિક મંદિરનો ગ્રામજનો દ્વારા એકાદ કરોડ રૂપિયાના ખર્ચે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો અને શનિવારે ભક્તોની ભીડ જામતી હોય છે અને શ્રાવણના છેલ્લા શનિવારે વર્ષોથી મેળો ભરાવાની પરંપરા ચાલી આવી છે. પાટીદાર મહોલ્લાથી એકાદ કિમીના અંતરે ખરેરા નદીના તટે હનુમાનજીના મંદિરમાં અને મોટા ડુંભરિયામાં વર્ષો જૂના વડલાના ઝાડ નીચે બિરાજમાન પવનપુત્ર હનુમાનજીના મંદિરે દર વર્ષે હનુમાન જયંતીએ ભજન, કિર્તન, મહાપ્રસાદી સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. ઉપરાંત ગામના નવા ફળિયા, ભરડા ફળિયામાં બ્રહ્મદેવ ભગવાનનાં મંદિરો અને દુકાન ફળિયામાં ચોસઠ જોગણી માતાનાં મંદિરો, દુકાન ફળિયામાં સ્વામિનારાયણ ભગવાનના મંદિરે પણ પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાય છે. ભરડા અને નાના ડુંભરિયામાં થોડા વર્ષ પૂર્વે જલારામધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં આધ્યા શક્તિ માં અંબા, દેવાધિદેવ મહાદેવજી, જલારામબાપા બિરાજમાન છે અને વાંઝરી ફળિયામાં પણ દર વર્ષે જલારામ જયંતીની ઉજવણી કરાય છે. ઉપરાંત ભરડામાં પાદર દેવી માતા, ઝાડી ફળિયામાં ભરમ દેવજી બાપા, વાંઝરી ફળિયામાં સાંઢપાડા બાપજી, ભગત ફળિયામાં પાદરદેવી માતા, બીડ પાટીદાર મહોલ્લામાં હનુમાન દાદા, નવા ફળિયામાં ભીખાભૂત બાપજી, વાળંદ ફળિયામાં પાતાળેશ્વર મહાદેવજી, સતીમાતાજીનું મંદિર બખાર ફળિયામાં શ્રી રામેશ્વર મહાદેવજી સહિત ગામમાં અનેક નાનાં-મોટાં મંદિરો આવેલાં છે. ઘેજ ગામમાં નવરાત્રિ મહોત્સવ, શ્રી ગણેશ મહોત્સવની પણ ઉજવણી ભક્તિભાવપૂર્વક ગ્રામજનો દ્વારા કરવામાં આવતી હોય છે. ઉપરાંત શ્રાવણ માસ દરમિયાન ફળિયે-ફળિયે ચોવીસ કલાકની ભજન સપ્તાહ યોજાય છે.

## શ્રદ્ધા-સબૂરી સોશિયલ ગ્રુપનો માનવીય અભિગમ

ઘેજ ગામમાં ખાસ કરીને ગામતળ અને બીડ ફળિયાના બંને પાટીદારો મહોલ્લાના અનેક પાટીદાર પરિવારો ઉપરાંત કોળી સમાજના પણ ઘણા પરિવારો અમેરિકા સહિતના દેશોમાં ધંધા-રોજગાર અર્થે સ્થાયી થયા છે અને ગામમાં આવીને ઘણા એનઆરઆઈ પરિવારો પણ છે ઘેજ ગામમાં સ્થાનિક આગેવાનો દ્વારા શ્રદ્ધા-સબૂરી સોશિયલ ગ્રુપના માધ્યમથી છેલ્લાં ૬ વર્ષથી જરૂરિયાતમંદોને મદદરૂપ થઈ અનોખી સેવાયજ્ઞ કરવામાં આવી રહ્યો છે. શ્રદ્ધા-સબૂરી ગ્રુપના સભ્યો દ્વારા સ્વૈચ્છિક અનુદાન અને દાતાઓના સહયોગથી ગામના ૪૫ જેટલા નિરાધાર પરિવારોને દર વર્ષે મહિને અનાજ સહિત જરૂરી ચીજવસ્તુઓની કિટ આપવામાં આવી રહી છે. ઉપરાંત છેલ્લાં ચાર વર્ષથી ગામની પ્રાથમિક શાળાઓમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને ૧૨૦૦ જેટલી નોટબુક અને શૈક્ષણિક કિટનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. ગામની હાઈસ્કૂલની છાત્રાલયમાં પણ અવારનવાર અનાજ પહોંચાડવામાં આવતું હોય છે. ઉપરાંત વૃક્ષારોપણ, ધાબળા વિતરણ, દિવાળી-નવા વર્ષના તહેવાર સમયે તમામ પરિવારોને મીઠાઈ, ફરસાણ અને ઘી-દીવેટ સાથે દીવડાઓનું પણ વિતરણ કરાતું હોય છે. ગ્રુપની કેટલીક એનઆરઆઈ સેવાભાવી બહેનો દ્વારા પણ આર્થિક યોગદાન આપવામાં આવી રહ્યું છે.

## ભરડા સ્મશાનને જોડતો રોડ બનાવાયો

ઘેજ ગામના ભરડા સ્મશાનભૂમિને જોડતો રોડ આઝાદી બાદ ગત વર્ષે પ્રથમ વખત ડામરનો બનતાં ગ્રામજનો દ્વારા વિવિધ કાર્યક્રમોના સથવારે આ માર્ગનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ઘેજ-વાઘલધરા માર્ગથી ભરડા ખરેરા નદી સ્થિત સ્મશાનભૂમિને જોડતા બે કિમીનો માર્ગ વર્ષો પૂર્વે તાલુકા પંચાયતના તત્કાલીન પ્રમુખ સ્વ.મોહનભાઈ મંગાભાઈ પટેલના શાસનકાળ દરમિયાન જે-તે વખતના ગામના આગેવાનો સ્વ.લખુકાકા, સ્વ.છગનભાઈ ઉપરાંત ઝીણાભાઈ, ડી.બી.પટેલ સહિતના આગેવાનોના પ્રયત્નથી પ્રથમ વખત મેટલની સપાટીવાળો બન્યો હતો. ભગત ફળિયાના યુવાનો દ્વારા મહાપ્રસાદી સહિત વિવિધ કાર્યક્રમોના સથવારે માર્ગ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. રસ્તાના નવીનીકરણ સાથે ભરડાની સ્મશાનભૂમિ માટે પણ તત્કાલીન કારોબારી ચેરમેન ધર્મેશભાઈએ તાલુકા પંચાયતમાંથી જરૂરી ગ્રાન્ટની જોગવાઈ કરાવી નવનિર્માણ કરાવવા સાથે ચોવીસ કલાકની બે કિમી લાંબી નવી વીજલાઈન સાથે વીજળીની પણ વ્યવસ્થા કરાવી હતી. આ અંતિમધામ માટે ભરડા ફળિયાના સ્વ.છગનકાકા દ્વારા ભૂમિદાન કરાયું હતું અને હાલ તેમના પુત્ર ઉત્તમભાઈ અને અર્જુનભાઈ દ્વારા બેસવાના શેડ માટે પણ જમીન આપવાની તૈયારી દર્શાવતા તે દિશામાં પણ આગેવાનો દ્વારા તજવીજ હાથ ધરી ભગત ફળિયાના ઉપરોક્ત પરિવારની સેવાભાવનાને બિરદાવી રહ્યા છે.

## વિશ્વ આદિવાસી દિન પણ ઉજવાય છે



ઘેજમાં ખુશાલ ફળિયાના રહીશ રાકેશકુમાર શાંતિલાલ પટેલ સહિતના સામાજિક આગેવાનોની આગેવાનીમાં વિશ્વ આદિવાસી દિન ઉજવાય છે. નાના ડુંભરિયા ચાર રસ્તા સ્થિત ભગવાન બિરસા મુંડા સર્કલ પાસે આદિવાસી સમાજના લોકો એકત્ર થઈ પ્રકૃતિની પૂજાથી શરૂઆત કરી ત્યારબાદ પરંપરાગત તૂર, થાળી જેવાં વાજિંત્રોની પૂજા કરી ઉજવણી કરે છે. જનજાગૃતિ રેલી પણ યોજાય છે. નાના ડુંભરિયા સ્થિત સર્કલનું નામકરણ પણ થોડાં વર્ષ પૂર્વે સમાજના લોકો દ્વારા કરવામાં આવ્યું હતું.

(માહિતી સંકલન અને તસવીર: ધર્મેશ પટેલ, ઘેજ (ચીખલી))